# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-04-2025　　Day: Tuesday　　Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ – પદ્મ એવોર્ડ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ રાષ્ટ્રપતિ ભવન ખાતે પદ્મ પુરસ્કાર એનાયત કર્યાં. પહેલા તબક્કામાં 71 હસ્તીઓને પદ્મ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યાં. જેમાં રાજ્યનાં ચાર મહાનુભાવોને તેમના ક્ષેત્રોમાં અપ્રતિમ યોગદાન બદલ પુરસ્કાર અપાયાં.

ફાર્મા ઉદ્યોગના અગ્રણી અને ઉદ્યોગપતિ ચેરમેન પંકજ આર. પટેલને, વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રે તેમના યોગદાન માટે તેમને પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા.

'સહયોગ કૃષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ', ગુજરાતના સ્થાપક અને મેનેજિંગ ટ્રસ્ટી સુરેશ હરિલાલ સોનીને સામાજિક કાર્ય માટે, સુપ્રસિધ્ધ ગુજરાતી કવિ અને ગીતકાર તુષાર શુક્લને સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રમાં અને કલા ઇતિહાસકાર અને સંગ્રહાલય નિષ્ણાત- પ્રો.રતનકુમાર પરીમુને કલા ક્ષેત્રે પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા.

-------------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી-કચ્છ આગમન

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે કચ્છના એકદિવસીય પ્રવાસે આવી રહ્યા છે. મુખ્યમંત્રી સવારે અબડાસાના જખૌ ખાતે સંત ઓધવરામજી મંદિરના દર્શન કરશે.  ત્યારબાદ મુખ્યમંત્રીશ્રી ૧૧.૩૦ વાગ્યે  જખૌ ઓધવધામ ખાતે નૂતન મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે.

કઠુઆ જિલ્લાના હીરાનગર સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક બોર્ડર આઉટપોસ્ટ 'વિનય' ની મુલાકાત દરમિયાન સરહદ સુરક્ષા દળ-**BSF**ના જવાનોને સંબોધતા, શ્રી શાહે **BSF**ના યોગદાનની પ્રશંસા કરી અને પડકારજનક પરિસ્થિતિઓમાં ફરજો બજાવવા બદલ સૈનિકોની પ્રશંસા કરી.

-----------------------------------------------------------------------------------------

## પરશુરામ જયંતી

ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર ભગવાન પરશુરામ જન્મોત્સવની આજે ઉજવણી થઈ રહી છે. ભુજમાં બ્રહ્મસમાજ દ્વારા પૂજન અને અન્ય ધાર્મિક કાર્યક્રમો યોજાશે. બપોર પછી શોભાયાત્રા યોજાશે ભુજ ઉપરાંત માધાપર, માંડવી વિગેરે સ્થળે વિવિધ કાર્યક્રમો સાથે પરશુરામ જયંતિની ઉજવણી થશે.

-----------------------------------------------------------------------------------------

## આઇપીએલ

રાજસ્થાન રોયલ્સને **IPL**માં 14 વર્ષના વૈભવ સૂર્યવંશીની સદીની મદદથી સતત 5 હાર બાદ જીત મળી હતી. રાજસ્થાન રોયલ્સની ટીમે ગુજરાત ટાઈટન્સને 8 વિકેટથી હરાવ્યું હતું . જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં રાજસ્થાને બોલિંગ પસંદ કરી હતી. ગુજરાતે 4 વિકેટ ગુમાવીને 209 રન બનાવ્યા હતા . જવાબમાં રાજસ્થાને 2 વિકેટના નુકસાન પર 16મા ઓવરમાં જ ટાર્ગેટ પૂરો કરી લીધો હતો.

ગુજરાત તરફથી શુભમન ગિલે 84 અને જોસ બટલરે 50 રન બનાવ્યા હતા . રાજસ્થાન તરફથી વૈભવે 101 અને યશસ્વી જયસવાલે 70* રન બનાવ્યા હતા . મહિશ થિક્સાનાને 2 વિકેટ મળી હતી. વૈભવ **IPL** અને **T**20માં ફિફ્ટી અને સદી ફટકારનાર સૌથી યુવા ખેલાડી બન્યો હતો. તેણે 35 બોલમાં સદી ફટકારી હતી .

-----------------------------------------------------------------------------------------

## પાલારા નજીક અકસ્માત

ભુજ તાલુકાના પાલારા નજીક ખાવડા નેશનલ હાઇવે પર જેલ પાસે ગઈકાલે એક ભયાનક અકસ્માતમાં પતિ, પત્ની અને બાળક સહિત ત્રણ લોકોના મોત થયા છે. આ દુર્ઘટનામાં બાઇક અને ટ્રેઈલર, ડમ્પર વચ્ચે ટક્કર થઈ હતી, જેનાથી સુમરા પરિવારના ત્રણ સભ્યોના મોત થયા છે.

બાઇક અને ટ્રેલર વચ્ચે થયેલી આ ટક્કર એટલી ગંભીર હતી કે ત્રણેયે ઘટનાસ્થળે જ જીવ ગુમાવ્યા હતા.સ્થાનિક લોકોએ તાત્કાલિક અસરથી બચાવ કામગીરી શરૂ કરી હતી અને 108 એમ્બ્યુલન્સની મદદથી ઘાયલોને નજીકના દવાખાને ખસેડવામાં આવ્યા હતા. આ દુર્ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોકનું વાતાવરણ સર્જ્યું છે. આ દુર્ઘટનાના કારણો અને અન્ય વિગતો અંગે પોલીસ દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે

---------------------------------------------------------------------------------

## હાજીપીર મેળો સંપન્ન

હાજીપીરવલીનો ત્રિદિવસીય મેળો ગઇકાલે આસ્થાભેર શાંતિપૂર્ણ સંપન્ન થયો હતો. અંદાજે દોઢ લાખ જેટલા શ્રદ્ધાળુઓ મેળામાં ઊમટયા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. કોમી એક્તાના પ્રતીક સમા આ મેળામાં કચ્છ અને કચ્છ બહારના હિન્દુ- મુસ્લિમ શ્રદ્ધાળુઓની ભીડ જામી હતી. એસ.ટી. દ્વારા ચાર દિવસ દરમ્યાન 70 ગાડી દોડાવી 324 ટ્રીપ થઇ હતી. મેળો શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયો હતો, કોઈ અનિચ્છનીય ઘટના બની ન હતી. .

---------------------------------------------------------------------------------

## સાગર બાગમાર-લોક દરબાર

પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારે આડેસર પોલીસ મથકનું વાર્ષિક નિરીક્ષણ કર્યું હતુંઆ દરમિયાન પોલીસ પરેડ, કર્મચારીઓના પડતર પ્રશ્નો અને પોલીસ મથકના રેકર્ડની તપાસ કરવામાં આવી હતી. તો ભીમાસર ભુટકીયા ખાતે લોકદરબારનું આયોજન કરવામાં

આવ્યું હતુકાર્યક્રમમાં ભીમાસર, આડેસર, સણવા અને માખેલ સહિતના વિસ્તારોના આગેવાનો હાજર રહ્યા હતા. પોલીસ વડાએ કાયદો અને વ્યવસ્થા, સાયબર ક્રાઇમ અને ભારત-પાકિસ્તાન વિવાદ અંગે માર્ગદર્શન આપ્યું હતું..

---

## ભુજ વેટરનરી પોલીક્લિનીક

વેટરનરી પોલીક્લીનીક ભુજ દ્વારા વિશ્વ પશુચિકિત્સા દિનની ઉજવણી કરવામાં આવી હતી. દર વર્ષે એપ્રિલ માસના છેલ્લા શનિવારને વિશ્વ પશુચિકિત્સા દિન તરીકે ઉજવવામાં આવે છે ત્યારે ભુજના ભાનુશાલી નગર સામે સ્થિત વેટરીનરી  વિવિધ સારવાર, રસીકરણ તથા વિવિધ ઓપરેશન કરવામાં આવ્યા હતા. આ દિવસ વિશ્વના પશુચિકિત્સકોની પશુ આરોગ્ય, મનુષ્ય અને સમાજ પ્રત્યેના અગત્યની કામગીરીને ઓળખ આપવાના હેતુથી ઉજવાય છે.

---

## હવામાન

હવામાન વિભાગે આગામી બે દિવસ રાજ્યમાં મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો વધારો થવાની અને કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર તથા રાજકોટમાં યલો એલર્ટ સાથે હીટવેવની આગાહી કરી છે.

આગામી 7 દિવસ સુધી મહત્તમ તાપમાન 40 થી 44 ડિગ્રીની રેન્જમાં રહેવાની સંભાવના છે. સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક ભાગોમાં દિવસના તાપમાનમાં નોંધપાત્ર વધારો થયો છે.

---